## **<u>ફોજદારી કેસ નંબરઃ 27560/19</u>**

**(૧)** આ કામના આરોપી સામે **ધી પ્રોહીબિશન એક્ટ** અન્વયેના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. પોતે મધ્યમ વર્ગના માણસ છે અને અજાણતા ગુનો થઈ ગયેલ છે તેમજ હવેપછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાત્રી આપેલ છે અને ગુના બદલ પસ્તાવે વ્યકત કરેછે. કુટુંબની જવાબદારી તેમના ઉપર હોઇ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનુ જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઇ, આરોપીની રજૂઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા તેમજ રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂદ્ધ સ્ટેટ ઑફ ગુજરાત જી.એલ.એચ.૨૦૧૩ (૨) ૯૭૪ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઑફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરચંદજી ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઇ, નિચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિદ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઇ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઇ, ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-ઃ હુ ક મ ઃ-</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ચાર્જશીટમાં જણાવેલ કલમોનુસાર તકસીરવાર ઠરાવી રૂપીયા 100 નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન-૦૨ (બે) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ના રોજની લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ.
તા.૧૪/૦૯/૨૦૧૯

**(જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૨૩, અમદાવાદ.
કોડ નંબરઃજીજે.૦૦૯૨૧.

આર.કે.સોનારા.